# દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા ભલામણ

નવી દિલ્હી,તા.૧૫

દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગે રાષ્ટ્રીય પાટનગરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા આજે ભલામણ કરી હતી. મુખ્યમંત્રી તરીકે અરવિંદ કેજરીવાલે રાજીનામુ આપી દીધાના એક દિવસ બાદ નજીબ જંગે આ ભલામણ રાષ્ટ્રપતિ સમક્ષ કરી હતી જો કે ઉપરાજ્યપાલે દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખવા માટેની ભલામણને ફગાવી દીધી છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને દિલ્હીમાં ઉભી થયેલી રાજકીય સ્થિતિ અંગે અહેવાલ મોકલી દેવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટી સરકારના રાજીનામાના એક દિવસ બાદ આજે પણ ઘટનાક્રમનો દોર જારી રહ્યો હતો. અહેવાલ સાથે રાષ્ટ્રપતિને એએપી સરકારના રાજીનામાની વિગતો પણ મોકલી હતી. સૂત્રોનું કહેવું છે કે રાષ્ટ્રીય પાટનગરમાં સ્થિતિના સંદર્ભમાં વિગતવાર માહિતી મોકલવામાં આવી છે. એએપી સરકારે ગઈકાલે વિધાનસભાને વિખેરી નાંખીને નવેસરથી ચૂંટણી યોજવા ઉપરાજ્યપાલને ભલામણ કરી હતી. દિલ્હી વિધાનસભામાં જનલોકપાલ બિલને રજુ કરવામા નિષ્ફળતા મળ્યા બાદ મુખ્યમંત્રી તરીકે કેજરીવાલે રાજીનામુ આપ્યુ હતુ. જંગે જનલોકપાલ બિલના મામલે વિધાનસભાને સલાહ આપી હતી. જનલોકપાલ બિલના મુદ્દે કેન્દ્ર સરકારની મંજુરી પહેલા લેવાની વાત કરાઈ હતી. કોંગ્રેસ અને ભાજપે આજે કહ્યુ હતુ કે કેજરીવાલ સરકાર ચલાવવાને લઈને ક્યારે ગંભીર ન હતા. તેમના વચનો પાળવામાં તેમની નિષ્ફળતાને છુપાવવા માટે તેઓ બહાના શોધી રહ્યા હતા. ભાજપે કહ્યુ છે કે તે વૈકલ્પિક સરકાર બનાવશે નહીં. નવેસરથી ચૂંટણી યોજવાની ભાજપ માંગ કરે છે. તેનું કહેવું છે કે તેમની પાસે રાજ્યવિધાનસભામાં પૂરતી સંખ્યામાં સભ્યો નથી. દિલ્હીમાં હાલ ભારે રાજકીય પ્રવાહી સ્થિતિ પ્રવર્તી રહી છે.



# દેશવ્યાપી ભ્રષ્ટાચાર યાત્રા યોજવાની એએપીની જાહેરાત

## અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં લોકસભા માટે ચૂંટણી લડવા એએપીની જાહેરાત : ભાજપ-કોંગ્રેસ સામે વ્યૂહ

નવી દિલ્હી,તા.૧૫

દિલ્હીના મુખ્યમંત્રી પદેથી અરવિંદ કેજરીવાલે રાજીનામુ આપી દીધાના એક દિવસ બાદ એએપીએ ૨ ૩મી ફેબ્રુઆરીથી ભાજપ અને કોંગ્રેસ સામે ભ્રષ્ટાચાર વિરોધી રાષ્ટ્રવ્યાપી અભિયાન છેડવાની જાહેરાત કરી હતી. અરવિંદ કેજરીવાલ ૨ ૩મી ફેબ્રુઆરીના દિવસે હરિયાણાથી આ અભિયાનની શરૂઆત કરશે. બીજી માર્ચના દિવસે ઉત્તરપ્રદેશમાં અભિયાન યોજાશે. આમ આદમી પાર્ટીએ જાહેરાત કર્યુ હતુ કે આમ આદમી પાર્ટી અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળ લોકસભાની ચૂંટણી લડશે. એએપીના નેતા યોગેન્દ્ર યાદવે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે એક બાબત સ્પષ્ટ છે કે દેશભરમાં એએપી કેજરીવાલના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડશે. કેજરીવાલે ગઈકાલે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપ્યુ હતુ. જન લોકપાલ બિલના મુદ્દે દિલ્હી વિભાનસભામાં તેમની પાર્ટી નિષ્ફળ રહ્યા બાદ કેજરીવાલે રાજીનામુ આપ્યુ હતુ. એએપી કોંગ્રેસ અને ભાજપ સામે ઝૂંબેશ ચલાવનાર છે. યોગેન્દ્ર યાદવે કહ્યુ હતુ કે રાજીનામાનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધનના કારણે એએપીને તકલીફ થઈ હતી. એએપીના નેતા મનિષ સિસોદિયાએ આશા વ્યક્ત કરી હતી કે એએપી સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી તપાસ ભાવિ સરકાર પણ રોકી શકશે નહીં. કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડમાં બે એફઆઈઆર, જલબોર્ડ કૌભાંડમાં પાંચ એફઆઈઆર દાખલ કરવામાં આવી ચૂકી છે. કેજરીવાલ સરકારના પતન માટે ભાજપ અને કોંગ્રેસ જવાબદાર હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. શરૂઆતથી કોગ્રેસ અને ભાજપ બિલની વિરુદ્ધમાં હતા. ભૂષણનું કહેવું છે કે આમ આદમી પાર્ટી સત્તા માટે સરકાર રચી ન હતી પરંતુ ભારતને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા સરકારની રચના કરાઈ હતી.

સત્તા છોડીને માર્ગો પર ઉતરેલી આમ આદમી પાર્ટીએ હવે ઝાડુ યાત્રા ચલાવનાર છે. લોકસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે આશરે ૩૨૫ લોકસભા ક્ષેત્રોમાં આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. ઝાડુ ચલાવો ભ્રષ્ટાચારીઓને ભગાવો હેઠળ આશરે ૨૫૦૦૦ યાત્રાઓ કાઢવામાં આવશે. આ ઝાડુ યાત્રા હેઠળ ભાજપ અને કોંગ્રેસના ગઠબંધનનો પર્દાફાશ કરવામાં આવશે. આમ આદમી પાર્ટીના નેતા સંજયસિંહે આજે કહ્યુ હતુકે ભ્રષ્ટાચારી સામે લડાઈ અમારી મુખ્ય પ્રાથમિકતા છે. ભાજપ અને કોંગ્રેસે વિધાનસભામાં મળીને લોકપાલ બિલને રજુ કરવાની તક આપી ન હતી. લોકો સાથે વિશ્વાસઘાત બંને પાર્ટીએ કર્યો છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે લોકપાલ બિલ પાસ થઈ શક્યુ નથી પરંતુ કેજરીવાલે મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપી દીધુ છે કારણ કે ધોષણાપત્રના મુદ્દાઓને તેઓ પૂર્ણ કરી શક્યા નથી. તેમણે કહ્યુ હતુ કે ઘણા મોરચે તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન મનીષ સિસોદિયાએ કહ્યુ હતુકે અંબાણીની સામે એફઆઈઆરમાં કોઈ ચકાસણી થવી જોઈએ નહીં. અમારી પાસે પૂરતા પૂરાવા છે. આમ આદમી પાર્ટીનાનેતા ગોપાલરાયે કહ્યુ હતુકે ૨ ૩મી ફેબ્રુઆરીના દિવસે હરિયાણામાં ઝાડુ યાત્રા યોજવામાં આવશે.



# મહિલા અનામત બિલ પસાર ન થતા સોનિયા ગાંધી ચિંતિત

કોચી,તા.૧૫

યુપીએના ચેરમેન સોનિયા ગાંધીએ આજે મહિલા અનામત બિલ લોકસભામાં પસાર નહીં કરવાના મુદ્દે દુઃખ વ્યક્ત કર્યુ હતુ. સર્વસંમતિના અભાવે આ બિલ આ વખતે પણ પાસ થઈ શક્યુ નથી. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે સૌથી દુઃખદ બાબત એ છે કે મહિલા અનામત બિલ સર્વસંમતિના અભાવે લોકસભામાં પસાર થઈ શક્યુ નથી. રાજ્યસભા દ્વારા આ બિલને પાસ કરી દેવામાં આવ્યુ હતુ. નિર્ભયા કેરળ સુરક્ષિતા કેરળની શરૂઆત કરતા ગાંધીએ આ મુજબના તારણો આપ્યા હતા. મહિલા અને બાળકો સામે વધતા જતા અપરાધોને રોકવા માટે એક પહેલ તરીકે આની શરૂઆત કરવામાં આવી છે. ગાંધીએ કહ્યુ હતુકે આ અમારા તમામ લોકો માટે દુઃખદ બાબત છે કે દેશના ઘણા ભાગોમાં મહિલાઓ સામે સતામણિના કિસ્સાઓ વધી રહ્યા છે. દિલ્હી અને મુંબઈમાં શરમજનક બનાવો બની રહ્યા છે. આવા બનાવોનું પુનરાવર્તન થઈ રહ્યુ છે તે દુઃખદ બાબત છે. જો કે તેમણે કહ્યુ હતુકે તેમની પાર્ટી મહિલા અનામત બિલ માટે સતત સંઘર્ષ જારી રાખશે. મહિલા અનામત બિલમાં સંસદ અને રાજ્યવિધાનસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની વાત કરવામાં આવી છે. યુપીએ સરકાર દ્વારા મહિલાઓના કલ્યાણ માટે શ્રેણીબદ્ધ યોજનાઓ શરૂ કરી છે. જેમાં મહિલાઓની સુરક્ષાની બાબતનો સમાવેશ થાય છે. તમામ ક્ષેત્રમાં મહિલાઓનું સન્માન થાય તે હેતુસર સ્કૂલન સ્તરથી બાળકોને તાલિમ આપવા અને જનજાગૃતિ ઝુંબેશ ચલાવવાની જરૂર છે. ગાંધીએ કહ્યુ હતુ કે મહિલા અને બાળકો સામે અત્યાચાર વધી રહ્યા છે. સરકારની સ્કીમો ખૂબજ મહત્વપૂર્ણ છે. કેરળ મહિલા સત્તા માટે મોડલ રાજ્ય તરીકે છે.



# મોંઘવારીની વચ્ચે લોકોની બચતમાં સતત ઘટાડો થયો

નવી દિલ્હી,તા.૧૫

તીવ્ર મોંઘવારીના પરિણામ સ્વરૂપે સામાન્ય લોકોની બચતમાં ઘટાડો થઈ રહ્યો છે. બચતને વધારવાના તમામ પ્રયાસો કરાઈ રહ્યા હોવા છતાં બચત વધવાના કોઈપણ સંકેત દેખાઈ રહ્યા નથી આવી સ્થિતિમાં સામાન્ય વ્યક્તિની હાલત કફોડી બનેલી છે. મોંઘવારીના પરિણામ સ્વરૂપે સામાન્ય લોકોની બજેટની ગણતરી ઊંધી વાળી દીધી છે જેથી લોકો બચત કરી શકતા નથી. દેશમાં સ્થાનિક બચતદર અથવા તો ડોમેસ્ટીક સેવિંગ રેટ ૨૦૦૮ બાદથી સતત ઘટી રહ્યો છે. આ નાણાંકીય વર્ષમાં સ્થાનિક બચત દરનો આંકડો કુલ જીડીપીની સરખામણીમાં ૩૦ ટકાથી પણ નીચે પહોંચી શકે છે. સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઈઝેશનના નવા આંકડામાં જણાવવામાં આવ્યું છેકે વર્ષ ૨૦૦૮માં સ્થાનિક બચત રેટ જીડીપીની સરખામણીમાં ૩૬.૮ ટકા હતો. ૨૦૧૦માં આ દર ૩૪.૧૦ ટકા થયો છે. ત્યારબાદ તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ૨૦૧૪ના આંકડા હજુ સુધી જારી કરાયા નથી પરંતુ બજારની જે પરિસ્થિતિ છે તેને જોતા લાગે છે કે આમા ઘટાડો જારી રહેશે. એસોચેમના જણાવ્યા મુજબ સામાન્ય વ્યક્તિની બચતમાં કમી થવા માટેના બે કારણો છે. એક કારણ એ છે કે મોંઘવારી ખૂબ આસમાને છે. બીજુ કારણ ઊંચા વ્યાજદર છે. એસોચેમના જનરલ ડીએસ રાવતનું કહેવું છે કે બચતમાં સૌથી વધારે યોગદાન મધ્યમ વર્ગનું છે. છેલ્લા કેટલાક વર્ષથી મોંઘવારી વધી છે પરંતુ તે દૃષ્ટિએ પગારમાં વધારો થયો નથી જેથી બચતને માઠી અસર થઈ છે. સરકારને આ મામલામાં ગંભીરતાથી વિચારણા કરવાની જરૂર છે. બચતના દરમાં ઘટાડો થતાં આવનાર સમયમાં લોકોની હાલત કફોડી થઈ શકે છે.

# વૈકલ્પિક સરકાર બનાવવા ભાજપે સ્પષ્ટ ઈન્કાર કર્યો

નવી દિલ્હી,તા.૧૫

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખીને રાજ્યમાં નવેસરથી ચૂંટણી કરવાની ઉપરાજ્યપાલને ભલામણ કર્યા બાદ ભાજપે કહ્યુ છેકે તે વૈકલ્પિક સરકાર બનાવવાના બદલે નવેસરથી જનાદેશ માંગવાના પ્રયાસ કરશે.

ભાજપના નેતા અને વિધાનસભામાં વિપક્ષના નેતા હર્ષવર્ધને કહ્યુ હતુ કે તેઓ આઠમી ડિસેમ્બરના દિવસે દિલ્હી વિધાનસભાના પરિણામ આવ્યા બાદ કહ્યુ હતુ કે અમારી પાસે સંખ્યા નથી. જો આગામી સપ્તાહમાં પણ ચૂંટણી આવશે તો અમે તૈયારી છીએ. ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૩૧ સીટો મળી હતી જ્યારે તેના સાથી પક્ષ શિરોમણી અકાલીદળને એક સીટ મળી હતી. ભાજપ ૩૧ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી. કેજરીવાલ પર વચનોને પૂરા કરવામાં નિષ્ફળતાનો આક્ષેપ કરતા ભાજપના નેતાએ કહ્યુ હતુ કે તેમની પાર્ટી જન લોકપાલ પ્રત્યે સંપૂર્ણરીતે કટિબદ્ધ છે. અમે ક્યારે પણ જનલોકપાલ બિલનો વિરોધ કરી રહ્યા ન હતા. આજે પણ અમે જનલોકપાલને લઈને કટિબદ્ધ છીએ. આમ આદમી પાર્ટી સરકાર પર પ્રહારો કરતા તેમણે કહ્યુ હતુકે કેજરીવાલ સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઈ હતી. માત્ર ખોટા વચનો જ આપ્યા હતા.

## એરપોર્ટના ખાનગીકરણ માટે બિડ પ્રક્રિયા મોકુફ

નવી દિલ્હી,તા.૧૫

દેશના છ વિમાની મથકોના ખાનગીકરણ માટે બિડીંગની પ્રક્રિયા મોકુફ કરી દેવામાં આવી છે. છ મોટા વિમાની મથકોના ખાનગીકરણના સમગ્ર પ્રોજેક્ટ પર પ્રશ્નો ઉઠાવીને બિડીંગની પ્રક્રિયા હાલ પુરતી રોકવાનો નિર્ણય કરાયો છે જેમાં કોલકાતા અને ચેન્નઈ વિમાની મથકનો સમાવેશ થાય છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા વિકસિત કરવામાં આવેલા છ મોટા એરપોર્ટના ખાનગીકરણની હિલચાલ હાલમાં ચાલી રહી હતી. ગયા વર્ષે નવેમ્બર બાદથી ત્રીજી વખત આ પ્રક્રિયા મોકુફ કરાઈ છે. અગાઉ બિડીંગની પ્રક્રિયા મધ્ય માર્ચ સુધી પરી મોકુફ કરાઈ હતી. છુટછાટ સાથે સંબંધિત સમજૂતિના મુસદ્દા પર ઉભી થયેલી સમસ્યા આના માટે મુખ્યકારણરૂપ છે. હવે એવા સંકેત મળી રહ્યા છે કે લોકસભાની ચૂંટણી યોજાઈ ગયા બાદ નવી સરકાર દ્વારા જ આ સમગ્ર પ્રક્રિયાને હાથ ધરવામાં આવશે.

## વન્યસૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

એમેઝોન વોટરલીલી વનસ્પતિનું ફુલ ફુટબોલ જેવડું થાય છે. જેનું પરાગનયન થયા બાદ પર્પલ રંગનું થઇ જાય છે. રાફ્ફલેશીય નામનો છોડનું ઇન્ડોનેશિયા અને કેટલાક એશિયાઇ દેશોમાં થાય છે. આ છોડનું ફૂલ સાડા ત્રણ ફુટની ગોળાઇ (વ્યાસ) અને દસ ફૂટની ઊંચાઇનું થાય છે. આ ફુલ વિશ્વનું સહુથી મોટું ફુલ ગણાય છે. આ ફુલમાંથી માંજ જેવી વિચિત્ર ગંધ આવે છે. આ કારણે તેને 'કોર્પ્સ ફ્લાવર' થી પણ ઓળખવામાં આવે છે.

ફ્લોટીંગ ડક વીડ જેવું નામ કોમન વોટર મીલ છે. તેનું ફૂલ ફક્ત એક મિલિમીટર જેટલું નાનું અમથું થાય છે. આ ફુલ વિશ્વનું નાનામાં નાનું ફુલ ગણાય છે.

લક્ષ્મીમાતાનું આસન ગુલાબી રંગનું કમળનું ફુલ છે. સરસ્વતી માતાનું આસન શ્વેતરંગનું કમળનું ફુલ છે. કમળનું ફુલ જે જે દેશોમાં થાય છે ત્યાં તેનું સ્થાન પૂજનીય અને સદ્ભાવનાનું પ્રતિક મનાય છે. આ ફુલ પાણીમાં જ થાય છે. પરંતુ તેના બીજ કે જેને કમળ કાકડી કહેવામાં આવે છે. તે દુષ્કાળગ્રસ્ત સમયમાં પાણીની ગેરહાજરીમાં હજારો વર્ષ સુધી જીવીત રહી શકે છે અને પાણી મળે ત્યારે ફરીથી ઊગી નીકળી શકે છે.


ફૂલો વિવિધ રંગના જોવા મળી શકે છે. પરંતુ સંપૂર્ણ કાળો રંગ હોય તેવું ફુલ વિશ્વની એક પણ વનસ્પતિમાં જોવા મળ્યું નથી. આ માટે આપણા દ્વારા પણ કોઇ કાળા રંગનું ફૂલ બનાવી શકાયું નથી. કુદરતની આ જ કરામત છે.

# હિમાચલ અને જમ્મુ કાશ્મીરના વિવિધ ભાગોમાં ભારે હિમવર્ષા

નવી દિલ્હી,તા.૧૫

ઉત્તરભારતના અનેક ભાગોમાં આજે ભારે વરસાદ અને હિમવર્ષા થતા જનજીવનને અસર થઈ હતી. એકબાજી પંજાબ અને હરિયાણાના અનેક ભાગોમાં ભારે વરસાદ થયો હતો. બીજી બાજુ હિમાચલમાં સિમલા અને મનાલીમાં ભારે હિમવર્ષા થઈ હતી. જમ્મુ કાશ્મીરમાં પહેલગામમાં નવેસરથી હિમવર્ષા થઈ હતી. ખીણના અનેક ભાગોમાં વરસાદ પડ્યો હતો જેથી રાત્રી તાપમાનમાં ઘટાડો થયો હતો. રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. હિમાચલના મનાલી અને સિમલામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા છે કારણ કે અહીં ભારે હિમવર્ષા થઈ છે. ચંદીગઢથી પ્રાપ્ત અહેવાલ મુજબ પંજાબ અને હરિયાણામાં લઘુત્તમ તાપમાન ભારે વરસાદ થયો હોવા છતાં સામાન્યની નજીક રહ્યો છે. હરિયાણાના અંબાલામાં ભારે વરસાદ થયો છે. અહીં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી નોંધાયુ છે. હિસારમાં પણ ૧૦.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. કરનાલમાં ભારે વરસાદ થયો છે. ભીવાનીમાં વરસાદ થયો છે. નારનોલમાં પણ વરસાદ થયો છે. પંજાબના લુધિયાનામાં પણ ભારે વરસાદ થયો છે.

પટિયાલામાં ભારે વરસાદ થતા તાપમાન ઘટીને ૧૦.૫ ડિગ્રી થયુ છે. બંને રાજયોના અન્ય જે વિસ્તારમાં વરસાદ થયો છે તેમાં પઠાનપુર, માધવપુર, સાહપુર, હોશિયારપુર, જલંધર, પંચકુલા, યમુનાનગર, કુરુક્ષેત્રનો સમાવેશ થાય છે. હવામાન વિભાગે આગાહી કરી હતી કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ મધ્ય પાકિસ્તાન પર સર્જાયેલી છે જેના કારણે હવામાનમાં ફેરફાર થયો છે. સિમલા અને મનાલીમાં ભારે હિમવર્ષા થઈ છે. સિમલાના ઘણા ભાગોમાં એક ફુટ સુધી બરફ પડ્યો છે. જ્યાં એક ફુટથી વધારે બરફ પડ્યો છે તેમાં મોલરોડ, રિજ, યુએસ ક્લબ અને જખુ પહાડીઓનો સમાવેશ થાય છે. ચંબા, મંડી, કુલ્લુ, સિમલાન ઉંચાણવાળા વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી ભારે હિમવર્ષા થઈ છે.



દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં નવેસરથી હિમવર્ષા થઈ છે. વાર્ષીક અમરનાથ યાત્રાના બેઝકેમ્પ તરીકે ગણાતા પહેલગામ રિસોર્ટમાં ભારે હિમવર્ષા થઈ છે. જમ્મુ કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન નોંધાયુ છે જેમાં લડાખ પ્રદેશના કારગીલમાં સૌથી વધારે ઠંડી નોધાઈ છે. અહીં માઈનસ ૧૩.૮ ડિગ્રી તાપમાન થયુ છે જ્યારે નજીકના લેહમાં માઈનસ ૬.૯ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. રાજસ્થાનના મોટા ભાગના વિસ્તારોમાં તીવ્ર ઠંડીથી લોકોને કોઈ રાહત મળી નથી. જોધપુરમાં ૬.૮ ડિગ્રી, ગંગાનગરમાં ૭.૧, જયપુરમાં ૮.૧, ચુરમાં ૮.૯ અજમેર અને જેસલમેરમાં ૯.૧ ડિગ્રી તાપમાન થયુ છે. છેલ્લા કેટલાક દિવસથી જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના વિવિધ ભાગોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે જેના કારણે જનજીવનને પણ માઠી અસર થઈ છે. આવનાર દિવસોમાં હવામાનની સ્થિતિમાં વધારે સુધારો થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આવી સ્થિતિમાં ધૂમ્મસ અને તીવ્ર ઠંડીની અસર યથાવત રહેશે. મેદાની ભાગોમાં પણ તાપમાનમાં ઘટાડો થયો છે. રાજસ્થાનના મોટા ભાગના વિસ્તારોમાં લોકો હજુ પણ ગરમ વસ્ત્રોમાં દિવસભર નજરે પડી રહ્યા છે. હિમાચલ અને કાશ્મીરમાં જનજીવનને અસર થઈ છે.


# સમાચાર ઝલક

- મિલકત જાહેર કરવા ૪૦૦૦ આઇ.એ.એસ., આ.પી.એસ. અધિકારીઓની ડાંડાઈ.
- ૨૦૧૫માં સોલાર વિમાન ભારતમાં હશે.
- વૈદિક અભિગમ મુજબ હાથથી ભોજન લેવાથી મગજ અને આત્મા તથા શરીરને પોષણ મળે છે.
- ગુજરાતમાં રાજમાર્ગ માટે વિશ્વબેંક કરોડો રૂપિયાની લોન આપશે.
- મોબાઇલ દરોમાં ભાવવધારો કરવાની તૈયારી.
- ૧લી એપ્રિલથી ગેસના ભાવ વધશે : વિરપ્પા મોઇલી.
- ઇન્ડોનેશિયામાં જવાળામુખી ફાટયો, ૧૦ માઇલમાં લાવારસ ફેલાયો, બે વ્યક્તિઓનાં મોત.
- દિલ્હીમાં ઓછી તીવ્રતાવાળા ત્રણ બ્લાસ્ટ.
- દ્વારકા બંદરે ૩૨ ફુટની વ્હેલ શાર્ક માછલી જાળમાં પકડાઇ.
- ગોંડલના ચકચારી મહંત હત્યા કેસમાં નગરસેવક સહિત પાંચને આજીવન કેદ.
- જથ્થાબંધ ફુગાવો આઠ માસની નીચી સપાટીએ.
- ૨૦૧૪માં વિશ્વના ૪૧ દેશોમાં ચૂંટણીઓ યોજાશે, અડધા વિશ્વનું ભાવ ઘટાશે.
- વિડિયોકોનને ટેકનોવેશન સારાભાઇ ૨૦૧૩ એવોર્ડ એનાયત.
- પાલીતાણામાં અહિંસા ચેતવણી મહારેલી તથા ધર્મસભાનું આયોજન.
- આજે માઘપૂર્ણિમા ચંદ્ર સોળે કળાએ ખીલ્યો, ૧૯ વર્ષમાં ત્રીજું શ્રેષ્ઠ લગ્નનું મુર્હૂત પણ હતું.
- મેક્સિકોમાં ડ્રગ માફિયાએ ૮૦૦ થી વધુ હત્યા કરી હોવાની ચોંકાવનારી કબુલાત.
- મેરઠમાં ધોરણ-૧૧માં ભણતાં વિદ્યાર્થી ને ૫૦ વર્ષની મહિલા સાથે પ્રેમ થયો.
- આજની મહેસૂલ તલાટીની પરીક્ષામાં ખોટા જવાબ આપો કે જવાબ ન આપો તો ગુણ કપાશે.
- દિલ્હી સહિત ઉત્તર ભારતમાં વરસાદ, સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડા પવનનાં સુસવાટા વાતાવરણમાં પલટો.
- ૭૦૦૦ કરોડ રૂપિયાના ટુથપેસ્ટ માર્કેટમાં એક ડઝન કંપનીઓને તાળા લાગ્યા.
- સોલા બ્રીજ નજીક ગેસના બાટલા ભરેલી ટ્રકમાં આગ લાગતા અફડાતફડી મચી.
- જોધપુરમાં માર્ગ અકસ્માતમાં ૧૪ વ્યક્તિઓનાં કરૂણ મોત.

# વેલિંગ્ટનમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતે તેની સ્થિતિ મજબૂત બનાવી

વેલિંગ્ટન,તા.૧૫

વેલિંગ્ટન ખાતે રમાઈ રહેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના બીજા દિવસે આજે મેચ અતિ રોમાંચક તબક્કામાં પ્રવેશી ગઈ હતી અને ભારતે તેની સ્થિતિ મજબૂત બનાવી દીધી હતી. ભારત પાસે હવે આ ટેસ્ટ મેચ જીતવાની પૂરતી તક રહેલી છે. બીજી દિવસે ભારતીય ટીમ તેના પ્રથમ દાવમાં ૪૩૮ રન બનાવી ઓલઆઉટ થઈ હતી. પ્રથમ દિવસે ન્યૂઝીલેન્ડની ટીમ ૧૯૨ રને ઓલઆઉટ થઈ ગયા બાદ ભારતીય ટીમે જંગી જુમલો ખડક્યો છે. ન્યૂઝીલેન્ડની ટીમના જવાબમાં ભારતીય ટીમ ૪૩૮ રન બનાવી ઓલઆઉટ થતાં ટીમ ઈન્ડિયાને જંગી લીડ મળી ગઈ હતી. બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ન્યૂઝીલેન્ડે તેના બીજા દાવમાં એક વિકેટ ગુમાવીને ૨૪ રન કર્યા હતા. બીજા દિવસની રમતના અંતે રૂદરફોર્ડ ૧૮ અને વિલિયમ્સન ૪ રન સાથે રમતમાં હતા. આ અગાઉ ધોની અને રહાણેએ શાનદાર બેટીંગ કરીને ટીમ ઇન્ડિયાના જુમલાને વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. રહાણે ૧૧૮ રન કરીને આઉટ થયો હતો. જ્યારે પ્રથમ ટેસ્ટ મેચમાં સદી ફટકારનાર શિખર ધવન ૯૮ રન બનાવ્યા બાદ નર્વસ નાઈન્ટીનો શિકાર થયો હતો અને તે ૯૮ રન બનાવીને આઉટ થયો હતો. ૧૨૭ બોલમાં ૧૪ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ધવને આ રન બનાવ્યા હતા. જ્યારે ધોની નવ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૬૮ રન કરી આઉટ થયો હતો. યજમાન ટીમ વતી બોલ્ટ, સાઉથી અને વાઘનરે ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. આવતીકાલે રવિવારે બંને ટીમો માટે દિવસ મહત્વપૂર્ણ રહેશે. કારણ કે બંને ટીમોને એકબીજા ઉપર દબાણ વધારવાની તક રહેશે. જો કે ન્યૂઝીલેન્ડની ટીમ વધારે મુશ્કેલીમાં દેખાઈ રહી છે. પ્રથમ ટેસ્ટ મેચ જીતી લીધા બાદ ન્યૂઝીલેન્ડ ઉપર આ ટેસ્ટ મેચને બચાવવાનું દબાણ વધી ગયું છે.



# ભાજપે ભ્રષ્ટાચાર વિરોધી બિલ અટકાવ્યા છે : રાહુલ

નવી દિલ્હી,તા.૧૫

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે કહ્યુ હતુ કે ભાજપે ભ્રષ્ટાચાર વિરોધી છ બિલ પસાર કરવાની તક આપી ન હતી. સંસદમાં ધાંધલ ધમાલ મચાવીને આ બિલને અટકાવી દીધા હતા. સરકારના ભ્રષ્ટાચાર વિરોધી માળખાના ભાગરૂપે આ છ બિલ હતા.

બેલગામમાં એક જાહેર રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે આ બિલની સામે ભાજપના લોકો ઉભા થઈ ગયા હતા અમે આ બિલને પસાર કરવા ઈચ્છુક હતા. અમને રોકવામાં આવ્યા હતા. સંસદની કામગીરી યોગ્યરીતે ચાલે તેવી અમે ઇચ્છા રાખી હતી. બિલના કારણે સામાન્ય લોકોને ફાયદો થયો હતો. ભાજપના લોકો ભ્રષ્ટાચારને રોકવાની માત્ર વાત કરી રહ્યા છે. પરંતુ કામ કરી રહ્યા નથી. આરટીઆઇ લાવનાર કોણ છે. આપના હાથમાં સત્તા કોણે આપી છે.